


## સલામી સવારની..

*પિતા-પુત્ર, મિત્રો, સંબંધે મૂલ્યોની મત્તા જાય છે,*
*સહે અનેક જાહેર અપમાનો, ખત્તા ખાય છે,*
*સતા થાય છે સત્તા માટે ચડે છે ચિત્તા ઉપર*
*ખૂરશી-પદ માટે નેતાઓ ઉંધાયત્તા થાય છે.*

હાઈકુ

*લ્યો! ચાળ્યા ગારા,*
*થયું સૂરસૂરીયું*
*લાભો નો બોંબ*

*ભૂલાતી નથી,*
*'પ્રચાર' શૈલી અને*
*ભાષણ ટેવ*

### ચિંતન

*ગુરુ પિતુ માતુ સ્વામિ હિત બાની,*
*સુનિ મન મુદિત કરિઅ ભલી જાની ॥*

ઉપરોક્ત ચોપાઈ અયોધ્યા કાંડમાંથી લેવામાં આવેલ છે.

ગુરુ, પિતા, માતા, સ્વામી તથા મિત્રની હિતકારક શીખ, પ્રસન્ન થઈ સાંભળવી અને માનવી જોઈએ.

'જિસને ન માની બડોં કી સીખ, ઉસને માંગી ઘર ઘર ભીખ.'

આજકાલની નવી પેઢી નવા ઈલેકટ્રોનિક્સનાં સાધનો અને ટેકનીકથી ખૂબ વાકેફ હોય છે. (ઈતર વાચન અને શારીરિક શ્રમમાંથી સમય બચે એટલે આમ પણ નવરાધૂપ હોય) અને મોબાઈલ-વોટ્સએપ - કોમ્પ્યુટર સૂતે બેઠે 'ટાઈમ કીલીંગ'છે એમાં હોંશિયારી પ્રાપ્ત કર્યા પછી, એ ઘરમાં વૃદ્ધ પંડિત-વિદ્વાનોને પણ ઓછી સમજ અને જ્ઞાન વાળાં સમજી અવગણે છે અને 'તમને ખબર ન પડે' કહી ઉતારી પાડે... આ પરિસ્થિતિ એ ઘરના વડીલોનાં સલાહ-સૂચન તો કયાંથી સાંભળે? સાંભળે તો સુખી થઈ જાય!

### સુવિચાર

- જ્ઞાનનું ભૂષણ ધ્યાન છે ધ્યાનનું ભૂષણ ત્યાગ છે - **અખંડ આનંદ**
- કથની મીઠી ખાંડ સી, કરની વિષ કી લોય, કથની તજા કરની કરૈ, સૌ નર વિરલ હોય - **તુલસીદાસ**
- સ્વાશ્રય અને સંયમ એ ચારિત્ર્યના બે ફેફસા છે - **લોકમાન્ય તિલક**
- કોઈની નૌકામાં બેસીને સાગર પાર કરવાને બદલે પોતાના દરિયામાં ડૂબવું સારૂં છે - **ઓશો**
- બૂરામાં બૂરા માણસમાં જેને ભરોસો છે તે આસ્તિક,
  બેઈનામમાં જે ઈનામદારી જોઈ શકે તે આસ્તિક - **માનસસૂત્ર**
- મૃત્યુ તો ફક્ત અહંકારનું જ હોઈ શકે, અહમ છે તો જ મૃત્યુ છે - **મુંબઈ સમાચાર**
- મોટા ભાગનું દુઃખ તમે જાતે વહોરેલું હોય છે - **ખલીલ જીબ્રાન**
- આજનું ઔષધ : ગરમ દૂધમાં ત્રણ ગ્રામ પીપરી મૂળનું ચૂર્ણ અને ત્રણ ગ્રામ અશ્વગંધાનું ચૂર્ણ નાખી સાકર નાખીને પીવાથી ઊંઘ આવે છે. **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલના સાધુ-સંતો પણ તાંત્રિક-માંત્રિક થઈ ગયા છે. કોઈની મૂઠ, પ્રેમમાં ભંગાણ જેવા કિસ્સાના પર ઉપાય કરે છે. આપણે પણ ઈશ્વર પાસે શું માગણી કરવી એની અક્કલ નથી હોતી અને બીજાનું ગમે તે થાય પણ મારું 'આ કામ' કરી આપો એવી ભગવાનને શરતી - સમયની અળધિ સાથે - પૈસાની લાલચ આપી પ્રાર્થના કરીએ છીએ. ઈશ્વર જામે જ છે કે મારે, કોને-કયારે-શું આપવું!!

સ્વામી રામકૃષ્ણ પરમહંસના ધર્મપત્ની પણ પવિત્ર સંત હતાં અને પરમહંસના તમામ અનુયાયી ભક્તો તેમની આદર સત્કાર અને શ્રદ્ધા સાથે પૂજા કરતા. એમના આશીર્વાદ પણ ભક્તોને ફળતા હતા.

એકવાર શારદામાને ડૉ. કાજીલાલના પત્ની મળવા આવ્યાં - થોડી પૂર્વભૂમિકા બાંધી એણે પૂ.મા. ને વિનંતી - પ્રાર્થના કરી કહ્યું, મા, મારા પતિનું દવાખાનું ધમધોકાર ચાલે એવા આશીર્વાદ આપો!

શારદાદેવી સ્પષ્ટવક્તા હતા કહ્યું - જો કહ્યું તારું દવાખાનું ધમધોકાર ચાલે એનો અર્ત એ કે ઘણાં લોકો માંદા બિમાર પડે - દુઃખી થાય અને તમારા પતિના દવાખાને આવે! બહેન હું તે આ પૃથ્વી પર બધાં લોકોનું મંગલ થાય એવી જ પ્રભુને પ્રાર્થના કરી શકું - બધાં તંદુરસ્ત - નિરોગી રહે...

# લખનૌમાં 'મહાભારત' કે 'યાદવાસ્થળી?'

ઉત્તરપ્રદેશની યાદવાસ્થળી એને ચરમસીમા પર પહોંચી ચૂકી છે. એક જ પરિવાર દાયકાઓ સુધી દેશના સૌથી મોટા રાજય પર સતત છવાયેલો રહ્યો, તે ત્યાં સુધી કે કોંગ્રેસ જેવો રાષ્ટ્રીય પક્ષ, જેનું પિયર જ ઉત્તરપ્રદેશ રહ્યું છે તે નામશેષ બની ગયો. ફક્ત નહેરુ-ગાંધી પરિવારની પરંપરાગત બેઠક રાયબરેલી કે અમેઠી પૂરતો જ એનો જનાધાર રહી ગયો.

મુલાયમસિંહ યાદવ ભલે પહેલવાનમાંથી રાજકારણી બન્યા હોય, પરંતુ યાદવોના સંખ્યાબળ સાથે મુસલમાનોના મસીહા તરીકે એવું જબરદસ્ત કાઠું કાઢ્યું કે છેલ્લા દાયકાઓ દરમિયાન એ દેશના અગત્યના પાંચ રાષ્ટ્રીય નેતાઓમાં ગણાતા રહ્યા છે અને ત્રીજા મોરચાના સંભવિત વડાપ્રધાન તરીકે પણ એમનું નામ સતત ચર્ચાતું રહ્યું છે. આજે એ જ મુલાયમસિંહને એમની જ પાર્ટીના સક્ષમ નેતા અને પિતરાઈ રામગોપાલ યાદવે પાર્ટીનું રાષ્ટ્રીય અધિવેશન બોલાવી નિવૃત્ત કરી દીધા છે અને એમના જ સુપુત્ર તથા ઉત્તરપ્રદેશના યુવાન મુખ્યમંત્રી અખિલેશ યાદવને રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે જાહેર કર્યા છે. વૃદ્ધ પિતા અને મહત્ત્વાકાંક્ષી કાકા વિરુદ્ધ અખિલેશ યાદવનો અસંતોષ જાણીતો હતો. પરંતુ એમાંથી આવડો મોટો ભડકો થશે એની તો ભાગ્યે જ કોઈએ કલ્પના કરી હશે. મુલાયમ અને શિવપાલની બંધુ બેલડીએ અખિલેશને કદ મુજબ વેદરી નાખવાના પ્રયાસ હાથ ધર્યા તે પાર્ટીની રેન્ક અને ફાઈલને મંજૂર નહોતું. ઢળી ગયેલા કે ઢોળાઈ રહેલા દૂધ પર આંસુ સારવા કરતાં સમાજવાદી પાર્ટીના કાર્યકરો અને આગેવાનોએ ઘરડેરાઓને બાજુએ ધકેલી યુવાન અખિલેશની સાથે રહેવાનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મહદંશે આ બધા ચૂંટાયેલા ધારાસભ્યો છે, જેમની ટિકિટ

**તંત્રીસ્થાનેથી...**

અમરસિંહ-શિવપાલની બનેલી ધરીને કારણે કપાઈ ચૂકી હતી અને પાર્ટીના સર્વોચ્ચ મુલાયમસિંહે એના પર મહોર મારી હતી એટલું જ નહીં, બલકે થોડાક જ દિવસો અગાઉ મુખ્યમંત્રી પુત્રને અને મહામંત્રી પિતરાઈને પાર્ટીમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવાનું આત્યંતિક પગલું ભરીને પોતાની સત્તાનો પરચો બતાવ્યો હતો. વળી પાછો એક જ દિવસમાં ઘટનાએ વળાંક લીધો હતો અને બેઉ અખિલેશ-રામગોપાલનું સસ્પેન્શન રદ થતાં ઘીના ઠામમાં ઘી પડી રહે એવી સ્થિતિ ઊભી થઈ હતી. પરંતુ અમરસિંહ સામેની રામગોપાલ અને અખિલેશની નારાજગી આખરે પાર્ટીના રાષ્ટ્રીય અધિવેશનમાં પાર્ટી પ્રમુખપદેથી મુલાયમની જ હકાલપટ્ટીમાં પરિણમી છે.

અલબત્ત, રોષે ભરાયેલા સિનિયર યાદવે રામગોપાલ યાદવે બોલાવેલ અધિવેશનને ગેરકાયદેસર ગણાવી પાંચમી જાન્યુઆરીએ પોતાની સહીથી રાષ્ટ્રીય અધિવેશન બોલાવ્યું છે, અને બે દિવસ અગાઉ પાર્ટીમાં પાછા લીધેલા રામગોપાલને ફરીથી કાઢી મૂક્યા છે. આ ગોલાલડાઈથી ભાજપ હરખાય એ તો સ્વાભાવિક છે, પરંતુ સાથે જ કોંગ્રેસને પણ અખિલેશ યાદવના જૂથ સાથે ગઠબંધન કરવાની તક ઊજળી બનતી લાગશે તો વળી સપાની કટ્ટર વિરોધી બસપા માટે પણ સપાનું આ રીતે વેરણછેરણ થઈ જવું તે સંભવિત વિજયસંકેત જ ગણાશે. આમાંથી સારાંશ એટલો જ નીકળે કે સત્તા એવું માદક પીણું છે જેને દ્વારકામાં જ નહીં, લખનૌમાં પણ યાદવાસ્થળી કરાવી. શ્રીકૃષ્ણ જેવા અવતારી પુરુષ આગળ મુલાયમ તે કંઈ વિસાતમાં? પારિવારિક કલહ સર્વનાશ વેરે છે, તે મહાભારતનું જ આ પુનરાવર્તન નથી શું?

# મ્હારી છોરિયાં છોરોં સે કમ હૈં કે...

આમીરખાન પોતાની જાતને મી. પરફેકટ સાબિત કરવામાં પુનઃ એકવાર સફળ રહયો છે. મિ. મહાવિરસિંહ ફોગટ નેશનલ ચેમ્પીયન. લગાન... થ્રી ઈડિયટ્સ... પીકે... ની સફળ ઉડાન પછી દંગલ.

ફિલ્મમાં દરેકનો પ્રશંસનીય અભિનય. ગુરુ અને પિતા વચ્ચેનો તાત્વિક ભેદ, દીકરી શું ન કરી શકે, તે દીકરા કરતાં સવાઈ છે, તેને તક મળવી જોઈએ. આ મેસેજ પ્રેક્ષકોના હૃદય સુધી પહોંચાડવામાં દંગલ સફળ રહી છે. ફિલ્મમાં પિતા (આમીરખાન) દીકરી માટે તક ઊભી કરે છે. દરેક પગથિયે મુશ્કેલીને મ્હાત કરતો પિતા કુટુંબ, સમાજ અને સરકારના લાલચુ અધિકારીશ્રીઓ સામે નમતુ જોખતો નથી. ''પિતા પહેલા ગુરુ'' એ વાત સિધ્ધ થાય છે. ગીતા ફોગટ (દીકરી) જેમ જેમ એક પછી એક કુસ્તી જીતતી જાય છે તેમ તેમ પ્રેક્ષકો કથારસમાં તરબોળ થતાં જાય છે.



''ગોલ્ડ મેડલ ગીતાના ગળામાં
અને આંસુ પ્રેક્ષકોની આંખોમાં''

ખૂબ સુંદર તાદાત્મ્ય સધાય છે, ફિલ્મની વાર્તા અને પ્રેક્ષકોની કલ્પના શકિત વચ્ચે.

રેસલીંગની ફાઈનલ મેચમાં કેટલાક દુષ્ટ માણસો દ્વારા છેતરીને આમીરખાનને એક રૂમમાં પૂરી દેવામાં આવે છે અને દીકરી ગીતા રમતના કોર્ટ પર પિતાની રાહ જુએ છે પરંતુ પિતા આવી શકતા નથી એ સીનમાં પિતા અને સામાન્ય વ્યકિતની તંત્ર સામેની વિવશતા તાદશ્ય થાય છે.

અંતિમ દશ્યમાં ગીતા ગોલ્ડ મેડલ જીતે છે છતાં પિતા નજરે પડતાં નથી ત્યારે તે વિહ્વળ થાય છે ને અચાનક આમીરખાન (પિતા) દેખાય છે. આ ત્રણથી પાંચ મિનીટનું દશ્ય અદ્ભૂત રીતે કેમેરામાં કંડારાયું છે. આ દશ્ય જોતા સિનેમા હોલમાં બેઠેલા પ્રેક્ષકની આંખોમાં ઝળઝળિયાં આવી જાય છે.

ગીતાને ગોલ્ડમેડલ નથી મળતો પરંતુ સિનેમા હોલમાં બેઠેલા દરેકને ગોલ્ડમેડલ મળ્યો હોય તેવો અહેસાસ થયા વગર રહેતો નથી. શરૂઆતમાં માનવ સહજ પુત્ર એષણા તેના મનને કોરી ખાય છે. દીકરો જ રેસલીંગ જીતી શકે દીકરી કયારેય નહિ. ફિલ્મમાં આ વાતનું જે રીતે ખંડન કરવામાં આવ્યું છે ,જે ઘટનાક્રમ મુકવામાં આવ્યો છે, તે એકદમ સહજ અને વાસ્તવિક લાગે છે. દીકરી રેસલીંગમાં અવ્વલ આવશે એવો તેનો વિશ્વાસ જયારે હકિકતમાં પરિણમે છે તે વિશ્વાસ-હકિકત વચ્ચેનો સંઘર્ષનો ગાળો અતિ સંવેદનશીલ અને ચેતાતંત્રને હચમચાવનારો છે. જેમાં છોકરીઓના ચડ્ડી પહેરવાની ઘટના, વાળ કપાવવાની ઘટના અને ચીકન ખાવાની ઘટનાનો સમાવેશ થાય છે.

સંઘર્ષ પણ વાસ્તવિક બને, તેનો ઉકેલ પણ સહજ રીતે બતાવીને ફિલ્મ એક સામાન્ય વ્યકિતની સંઘર્ષ કથા બની છે. ફિલ્મમાં કયાંય ચમત્કાર નથી. કયાંય બિભત્સ સંવાદો નથી કે કોઈપણ પ્રકારનું આઈટમ સોંગ નથી કે બીજ જરૂરી ગીતો નથી.

રમત હોય કે અન્ય કોઈપણ ક્ષેત્ર જો તમારે સફળ થવું હોય તો (Dicipline) શિસ્ત કેટલી જરૂરી છે તેની બખૂબી રજૂઆત થઈ છે. પરિશ્રમ વગર કશું જ શકય નથી એ ફિલ્મનો મુખ્યવિચાર પ્રેક્ષકોના હૃદય સોંસરવો ઉતરી જાય છે. જેના જીવનમાં ગોલ નથી તે દિશા વિહિન છે. જેણે ધ્યેય નકકી કર્યો છે અને યોગ્ય દિશામાં આગળ વધે છે, તે ચોકકસ મંઝિલે પહોંચે છે. સ્હેજ પણ ધ્યેયચ્યૂત થવાથી કેવી સ્થિતિ થાય છે તે ગીતા ફોગટના ઈન્ટરનેશનલમાં હારી જવાથી બતાવાયું છે.




ખૂબજ ઓછો સંવાદ, ચહેરા અને આંખો દ્વારા લાગણીઓની આપ-લે આમીર સિવાય તમામ નવા કલાકારો હોવા છતાં બધાનો ઉત્તમ અભિનય પ્રેક્ષકોને જકડી રાખે છે.

ફિલ્મના એક દશ્યમાં ગીતા જયારે ગોલ્ડમેડલ મેળવી શકતી નથી ને નિરાશ થાય છે ત્યારે પિતા (આમીર) ને ફોન કરે છે. બન્ને છેડેથી કોઈ કશું જ બોલતું નથી એક અદ્ભૂત અશાબ્દિક સંવાદ રચાય છે પરંતુ ત્રીજે છેડે બેઠેલો પ્રેક્ષક હૃદય ભરીને માણે છે. પોતાની દીકરીઓ માટે કઠોર બનેલા

અનુસંધાન પાના નં. ૭ પર

# નવા વર્ષે નવા ટયૂટર પાસે ટયૂશન!

૨૦૧૭ના નવા વર્ષે, વર્ષના પહેલા મંગળવારને મંગલમય બનાવવા માટે શરૂઆત શ્રી અશોક વાજપેયીની કવિતાથી કરીએ...

સમય, મુઝે સુઝાઓ
કૈસે મેં અપની રોશની બચાયે રખૂં
તેલ ચૂક જાને કે બાદ ભી.
તાકિ વહ લડકા, ઉધર લાયી
મહંગી કિતાબ એક રાત મેં હી પૂરી પઢ સકેં...
સમય મુઝે સુનાઓ વહ કહાની
જબ વ્યર્થ પડ ચૂકે હોં શબ્દ
અસ્વીકાર કીયા જા ચૂકા હોં શબ્દ
ઔર બાકી ન બચી હો જૂઝને કી શક્તિ
તબ ભી કિસી ને છોડા ન હો પ્રેમ
તજી ન હો આસક્તિ
જુઠલાયા ન હો અપના મોહ,
સમય, સુનાઓ ઉસકી ગાથા
જો અન્ત તક બિના જુકે
બિના ગિડગિડાયેં યા લડખડાયેં
બિના થકે હારેં, બિના સંગી-સાથી
બિના અપની યાતના કો સબ કે લિયે ગાયે...
અપને અન્ત કી ઓર ચલા ગયા...
સમય, અંધેરે મેં હાથ થામને,
સુનસાન મેં ગુનગુનાને, ધીરજ બંધાને
અડિગ રહને, સાથ ચલને કા કોઈ ભૂલા બિસરા
પૂરાના ગીત તુમ્હેં યાદ હો તોસમય ગાઓ...

ગયું વર્ષ ગમે તેવું ગયું, નવું વર્ષ પણ ગમે તેવું જાય, વળી પાછા આપણે આ શતાબ્દિના નવવર્ષને ઉલ્લાસભેર આવકાર્યું... અને ૨૦૧૬ની મુશ્કલીઓ એ જ વર્ષમાં રહી જાય અને ૨૦૧૭ નવીન ઉલ્લાસ અને ઉજાસ સાથે આવે, તેવી આશા સાથે નવા વર્ષની શરુઆત કરીએ...

'જીવન ચલને કા નામ... ચલતે રહો સુબહો શામ...' ચાલતા રહેવું જરૂરી છે. અને સમયથી મોટો કોઈ શિક્ષક નથી... સમય કદીય કોઈ માટે રાકાયો નથી અને આપણને પણ તે સતત ચાલવાની જ પ્રેરણા આપે છે... જો અટકી ગયા તો ખાબોચીયું બની જઈશું... ચાલતા રહીશું તો ખળ-ખળ ઝરણાની જેમ પોતાની સુંદરતા તો સાચવી જ શકીશું સાથે સાથે બીજાને પણ શાતા આપી શકીશું.

'મૈં સમય હૂં' મહાભારત વાળો હરીશ ભીમાણીનો અવાજ યાદ છે? સમયે તો આવા કેટલાય નવા વર્ષને વધાવ્યા હરે... અને કેટલાય જૂના વર્ષોની યાતનાઓને પોતાના મહીં ભંડારી રાખી હશે... સમય પાસેથી આપણે નવા વર્ષે શીખવાનું છે કે ઉપાધિને સમાધિમાં કેવી રીતે ફેરવી શકાય!

દિગ્ભ્રમ અને ચિત્તભ્રમની સ્થિતિમાં આપણે શું કરવું, કયાં જવું તેની ખબર નથી હોતી... વિચારવાનો સમય નતી હોતો... જો સમય હોય તો ઈચ્છા નથી હોતી... ઈચ્છા પણ વળી કદાચ હોય તો વળી સંકલ્પશક્તિ નથી હોતી...

સમય સાથે તાલ મિલવતા નીકળી પડવાનું છે, બસ! શું હાથમાં આવશે તેની ખબર નથી પણ, નીકળી પડવું અગત્યનું છે... જિંદગી સમયનું મહત્ત્વ સમજાવે છે અને સમય જિંદગીનું ગણિત સમજાવે છે... સમજ તરત જ પડવી જરૂરી છે... આ જ જીવનમાં બધા અટપટા દાખલા સમીકરણ સાથે જવાબ આપીને જ જાય છે... કોઈ દાખલો બે સ્ટેપમાં ઉકેલાય તો વળી વીસ સ્ટેપ લે. પણ જવાબ નક્કી મળે છે.




હાય.. હાય.. અને હોય.. હોય.. ની બૂમો મારી મારીને કાગારોળ મચાવી દેવાથી શું ફરક પડવાનો છે? આપણે જ માથું ઊંચું કરીને બહાર નીકળવું પડશે...

આપણે ઘેટા ચાલમાં ચાલતાં ચાલતાં એક એવા પડાવ પર આવી ગયા છીએ કે... વસ્તુઓ માટેની લાલચ, દિન-પ્રતિદિન એકબીજા પ્રત્યેની લાગણી પણ વસ્તુમાં પરિણમી ગઈ.

આપણે એવી Rat-Race ના દોડવીર બની ચૂક્યા છીએ કે જેની દિશા આગળ વાળો ઊંદર જ નક્કી કરે છે... અને મજાની વાત શું છે છે ખબર છે! આ ચૂહાદૌડમાં હારી જઈએ એટલે આપણને વૈરાગ્ય આવે છે...

આ બધાનો ઉપાય એ જ છે કે સમય ચાલે છે, તેની સાથે ચાલીએ... ન તો તેની આગળ કે ન તો તેની પાછળ... કારણ કે આગળ ચાલીશું તો ખતા ખાશું અને પાછળ ચાલશું તો ગોથા ખાઈશું.

બીજું એ કે સમય પાસેથી પરિવર્તનને અપનાવતા શીખવાનું છે.

સમય કયારેય અટકી જતો નથી... કૃષ્ણની લીલાતી મંત્રમુગ્ધ થઈને કે હર્ષિત થઈને પણ સમય થંભી નહોતો ગયો કે પછી કુરુક્ષેત્રના અઢારમાં દિવસે રણમેદાનમાં જમીનનો કોરો કટકો પણ ન દેખાય તેટલા શબ જોઈને પણ સમય થંભ્યો ન હતો. સમય અટક્યો નહતો... અને અટકશે પણ નહીં.

સમય પાસેથી પરિવર્તનને અપનાવતા શીખવાનું છે, વિધિની કેટલીક લપડાક ખાધા પછી પણ સમય રોકાઈ ગયાનું સંભળાયું છે કયારેય!

સમયને અનુરોધ કરીએ કે, 'હે કાળ દેવતા! નવા વર્ષે અમને સહનશીલતા, ધીરજ અને પરિસ્થિતિને અનુકૂળ બનવાના ટ્યૂશન આપો...'

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# સંગીત દ્વારા શારીરિક-માનસિક-આધ્યાત્મિક ચેતના-ઉર્જા પ્રાપ્ત થાય છે

'અંકલ, મને તો શર્મિષ્ઠા તળાવને કાંઠે સમૂહ તબલા વાદનમાં જોડાવાનો અને તાના-રીરીની દેરીને વંદન કરવાનો મોકો મળ્યો એનો આનંદ છે.'

શર્મિષ્ઠા તળાવને કાંઠે એક વિશેષ કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા અમદાવાદના કિશોરવયના તબલાવાદકે કહ્યું અને પચી દોડતો દોડતો એના મિત્રો સાથે સંગીત કાર્યક્રમને માણવા જતો રહ્યો.

અવસર હતો થોડા સમય પહેલા વડનગરમાં યોજાયેલ વર્ષ ૨૦૧૬ના તાનારીરી મહોત્સવનો. ધીમે ધીમે વહેલી પવનની લ્હેરખીઓની સંગાથે હવામાં પ્રસરી રહ્યા હતા. પંડિત જસરાજી જેવા પ્રસિદ્ધ કલાકારના સ્વર... મંત્રમુગ્ધ થઈને સંભળાવી રહ્યા. શ્રોતાઓ - સ્વરનો જાણે જાદુ છવાયો હતો. દેશ-વિદેશના સંગીતપ્રેમીઓ ગાયનને માણી રહ્યા હતા. અભ્યાસ કરેલું કહે છે કે ભારતીય સંગીત અને ગાયનશાસ્ત્રમાં ૩૬ લાખ જેટલા રાગો હતા. મુખ્ય છ ઋતુઓ છે અને ઋતુચક્ર તથા સમય જયારે રાગ ગાય ત્યારે તે નાભિ-નાસિકા-ગાલ-હૃદય-કંઠ-લલાટ અને તાળવામાંથી પ્રગટ થાય છે.

સંગીત દ્વારા શારીરિક-માનસિક-આધ્યાત્મિક ચેતના-ઉર્જા પ્રાપ્ત થાય છે અને સાથે સાથે શાંતિનો અનુભવ પણ થાય છે.

જાણીતી કથા છે કે સંગીતપ્રેમી સમ્રાટ અકબરના દરબારમાં નવા રત્નો હતા, એમાંના એક હતા સંગીત સમ્રાટ તાનસેન. એકવાર બાદશાહની આજ્ઞાથી તાનસેને દીપક રાગ ગાયો. શરીરમાં આગ લાગી... શોધ થઈ મલ્હાર રાગ ગાવારાની. તાનસેન ફરતો ફરતો વડનગર આવ્યો. શર્મિષ્ઠા તળાવને કિનારે નાગર પરિવારની દીકરીઓ તારા-નીરી પાણી ભરવા આવી હતી. તેના ઘડામાં પાણી ભરાતું તેમાં તાનસેનને મલ્હારના સૂર સંભળાયા. તાનસેન તાન-રીરીને મલ્હાર રાગ દ્વારા પોતાના શરીરને દોહ દુર કરવા વિનંતી કરી. દીકરીઓએ પિતાની સંમતિ લઈને હાટકેશ્વર મંદિરમાં રાગ મેઘ મલ્હાર ગાયો... મેઘ વરસ્યો તાનસેનના તન મનમાં શાંતિ થઈ.... દિલ્હી આવીને તેમણે વાત કરી બાદશાહને.. બાદશાહે તાના-રીરીને દિલ્હી લઈ આવવા સેનાપતિ મોકલ્યા... તાના-રીરીએ ના પાડી તો બળજબરીપૂર્વક આવવા દબાણ થયું. આખરે તાના-રીરી ઈષ્ટદેવની આરતી કરી - સૌભાગ્ય શણગાર સજી અગ્નિસ્નાન કરી લીધું. આ બંનેના સમર્પણના પ્રતિકરૂપે બંને બહેનોની દેરી તેમના બલિદાનની સાક્ષી પુરતી વિદ્યામાન છે. તાનસેનને વાતની જાણ થઈ, દુઃખી થયા તાના-રીરીના માનમાં નોમ-તોમ ધરાનામાં તાના-રીરી નામ લઈને જગતભરમાં પ્રસિદ્ધિ આપી.

સ્વમાન-સંસ્કાર માટે બલિદાન આપનાર બંને બહેનોને સૂરાંજલિ રૂપે રાજય સરકાર દ્વારા દર વર્ષે તાના-રીરી મહોત્સવ યોજાય છે.

તત્કાલીમ મુખ્યમંક્ષી અને રાષ્ટ્રના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શન સાથે તેનો આરંભ કરાય છે. દેશ-વિદેશના શ્રોતાઓ આવે છે અને વિશ્વપ્રસિદ્ધ કલાકારોની પ્રસ્તુતિને માણે છે.

વડનગર ઐતિહાસિક નગર છે અને અહીં હાટકેશ્વર મંદિર - કીર્તિતોરણ - શર્મિષ્ઠા તળાવ - અર્જુન બારી દરવાજા જેવી અનેક પ્રાચીન સ્થળો પ્રવાસીઓને આકર્ષિત કરે છે.

એક સમયે આનર્ત દેશની રાજધાનીનું શહેર હોવાનું મનાતું આ શહેર દ્વારિકાના સમયનું હોવાની પણ એક હકીકત સ્પષ્ટ થાય છે. પાંડવો અને શ્રીકૃષ્ણની કથાઓ સાથે આ શહેર સંકળાયેલું છે.

અમદાવાદથી આશરે ૭૫ કિલોમીટર રેલ માર્ગે આવેલું વડનગર ઈતિહાસમાં શિલ્પ અને સ્થાપત્યમાં તથા સંગીતમાં રસ ધરાવનારા પ્રવાસીઓ માટે એક ઉત્તમ સ્થળ બની રહ્યું છે. વિશ્વમાં ગણ્યાં ગાંઠ્યા સ્થાપત્યોમાં નામના મંગળવાર વડનગરના કિર્તી તોરણનું ગુજરાતમાં ગૌરવવંતુ સ્થાન છે.

કીર્તિ તોરણ સાથે એક દંતકથા સંકળાયેલ છે તે અનુસાર નરસિંહ મહેતાના પુત્ર શામળશાના લગ્ન અહીં વડનગરમાં થયા હતા. તેમની લગ્ન ચોરીની સ્મૃતિરૂપે આ તૈરણ બંધાયું છે તેમ લોકમુખે ચર્ચાય છે. સ્થાપથ્યકલાની દષ્ટિએ આ તોરણ સોલંકીકાળમાં બંધાયું હશે તેમ કહેવાય છે. ઈ.સ. ૬૪૧માં ચીનનો વિશ્વ પ્રવાસી હ્યુ એન સંગ આ નગરની મુલાકાતે આવ્યો હતો. ઉલ્લેખ મળે છે તે મુજબ એક સમયે અહીંની લગભગ ૪૦૦ કુટુંબો રંગભૂમિ અને સંગીત સાથે જોડાયેલા હતા. ૧૪મા સૈકામાં લખાયેલા વિમલ પ્રબંધ ગ્રંથમાં થયેલા ઉલ્લેક મુજબ માત્ર વડનગરમાં જ ૩૦૦ થી વધુ સારંગીવાદકો અહીં રહેતા હતા. તેની સાથે મૃદંગપખવાજ - કાંસી જોડ, હાર્મોનિયમ, ઢોલક તથા અન્ય વાદ્યો વગાડનારા અન્ય સંગીતકારો પણ હતા જ. ભાવનગરના સંગીત કલાધર પંડિત ડાહ્યાભાઈ શીવરામ નાયક મૂળ વડનગરના જ વતની હતા.




આમ ઐતિહાસિક નગર વડનગરને આંગણે પ્રતિવર્ષ યોજાતો તાનારીરી મહોત્સવ સંગીત પ્રેમીઓ માટે ઉપસ્થિત રહીને ધન્યતાની, આનંદની અનુભૂતિ મેળવવાનો અવસર છે. વિશ્વકક્ષાએ પ્રસિદ્ધ કલાકારોથી લઈને નવોદિત કલાકારો સુધીની રેન્જના કલાકારોને અહીં તેમની કલા પ્રસ્તુત કરવાનો અવસર મળે છે અને તેઓ સૂરીલા વાતાવરણથી સભર થાય છે.

વડનગરની દીકરીઓ તાના અને રીરીએ સ્વાભિમાન ખાતર પોતાના પ્રાણની આહુતિ આપી દીધી એ ઘટનામાં એમનું સ્ત્રી ગૌરવ અને આત્મસન્માન અતિભવ્યક્ત થાય છે. પરિવારના સંસ્કારો-લજ્જા-શીલ અને મર્યાદાને એમણે બલિદાન આપીને પણ સાચવ્યા એ ઘટના જ એમના માટે સહજ પ્રમાણનો ભાવ ઊભો કરે છે.

રાજય સરકાર દ્વારા અહીં એમની સ્મૃતિમાં દર વર્ષે યોજાતા તાનારીરી મહોત્સવ ગુજરાતમાં યોજાતા શાસ્ત્રીય સંગીતના મહત્ત્વપૂર્ણ સમારોહ પૈકીનો એક મહત્ત્વપૂર્ણ ગણાય છે. આ કાર્યક્રમમાં પરફોર્મ કરવાની ઈચ્છા કલાકારોને સ્વાભાવિકપણે હોય છે. પ્રસિદ્ધ કલાકારોની સાથે સાથે નવોદિત પરંતુ કુશળ કલાકારો એમની સંગીત પ્રસ્તુતિ કરે છે ત્યારે દર્શકોના હૃદયમાં તાના-રીરીની સ્મરણના દીવડા સળગે છે અને આસપાસ એમની ચેતનાના-સાધનાના અજવાળા રેલાય છે.

*તેજપુંજ :*

*સંગીત હૈ શક્તિ ઈશ્વરકી*
*હર સૂર મેં બસે હૈ રામ*
*રાગી જો સુનાએ રાગીની*
*રોગી કો મીલે આરામ*